# આનંદી કાગડો



એક કાગડો હતો. તે એક વાર રાજાના વાંકમાં આવ્યો, એટલે રાજાએ તેના માણસોને કહ્યું : "જાઓ; આ કાગડાને ગામના કૂવાને કાંઠે ગારો છે તેમાં નાખી ખૂંતાડીને મારી નાખો."

કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે ગારામાં નાખવામાં આવ્યો. કાગડાભાઈ તો ગારામાં ખૂંત્યાં ખૂત્યાં આનંદથી બોલવા લાગ્યા.

"ગારામાં લપસણું કરતાં શીખીએ છીએ, ભાઈ !
ગારામાં લપસણું કરતાં શીખીએ છીએ. "

રાજા અને તેના માણસો તો નવાઈ પામ્યા કે આ કાગડો ખૂંતવાથી દુ:ખી થવાને બદલે આનંદથી કેમ બોલે છે ? રાજાને ક્રોધ ચડયો અને બીજો હુકમ કર્યો : "નાખો એને કૂવામાં, એટલે ડૂબીને મરી જાય."

કાગડાને કૂવામાં નાખ્યો.

"કૂવામાં તરતાં શીખીએ છીએ ભૈ !
કૂવામાં તરતાં શીખીએ છીએ. "

રાજા કહે : "હવે તો આ કાગડાને આથી વધારે સખત શિક્ષા કરવી જોઈએ."

પછી તો કાગડાને કાંટાના એક મોટા એવા જાળામાં નખાવ્યો.

પણ કાગડાભાઈ તો એના એ જ રહ્યા. વળી પાછા આનંદી સૂરે ગાતાં ગાતાં બોલ્યા:

"કૂણા કાન વીંધાવીએ છીએ, ભાઈ !
કૂણા કાન વીંધાવીએ છીએ."

રાજા કહે : "કાગડો તો ભારે જબરો ! ગમે તે દુ:ખમાં એને દુ:ખ તો થતું જ નથી. ચાલો જોઈએ, હવે સુખ થાય એવે ઠેકાણે નાખવાથી એને દુ:ખ થાય છે ?"

પછી કાગડાભાઈને એક તેલની કોઠીમાં નાખ્યા.

પછી કાગડાભાઈને તો એ પણ સવળું જ પડયું. ખુશ થઈને બોલ્યા :

"તેલ કાને મૂકીએ છીએ, ભાઈ !
તેલ કાને મૂકીએ છીએ. "

પછી તો રાજાએ કાગડાને ઘીના કુડલામાં નાખ્યો.

એમાં પડયો પડયો પણ કાગડો તો બોલ્યો :

"ઘીના લબકા ભરીએ છીએ, ભાઈ !
ઘીના લબકા ભરીએ છીએ. "

રાજા તો ખૂબ ખિજાયો ને કાગડાને ગોળની કોઠીમાં નખાવ્યો. કાગડાભાઈ તો પાછા મજાથી બોલ્યા :

"ગોળનાં ડબાં ખાઈએ છીએ, ભાઈ !
ગોળનાં ડબાં ખાઈએ છીએ.

પછી રાજાએ કાગડાને ખોરડાની ઉપર ફેંકયો, પણ ત્યાં બેઠાં બેઠાં કાગડો કહે :

"નળિયાં ચાળતાં શીખીએ છીએ, ભાઈ !
નળિયાં ચાળતાં શીખીએ છીએ."

છેવટે થાકીને રાજા કહે : "આ કાગદાને આપણે શિક્ષા કરી શકશું નહિ. એને મનથી કોઈ દુ:ખ લાગતું નથી. માટે એને હવે ઉડાડી મૂકો."

હવે પછી કાગડાને ઉડાડી મૂક્યો.

(મિત્રો, ગમે તેટલું કષ્ટ પડે પણ તેને કાગડાની જેમ આનંદમાં પલટાવીએ તો સુખી થઈએ.)

લેખક : ગિજુભાઈ બધેકા